આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૩૦ | ૨૦ જુલાઇ, ૨૦૧૪, રવિવાર; અષાઢ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



# બી.પી. કોલેજમાં ઈન્ટર્નશીપનું આયોજન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૧૯

નગરની બી.પી. કોલેજ ઓફ બિઝનેશ એડમિનીસ્ટ્રેશન દ્વારા કોલેજમાં અભ્યાસ કરતા સેમેસ્ટર-૬ ના વિદ્યાર્થીઓને ઈન્ટર્નશીપ ટ્રેઈનીંગ અપાવવા માટે અમદાવાદની ડી.એન.એ. ગૃપને આમંત્રિત કરવામાં આવી હતી. કોલેજના વિદ્યાર્થઈઓ ટ્રઈનીંગ મેળવી ભવિષ્યમાં ખુબ સારી નામના મેળવે તે હેતુથી કોલેજ દ્વારા વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતી પ્રાપ્ત ડી.એન.એ. ગૃપના સભ્યો દ્વારા કોલેજના ૧૧૭ વિદ્યાર્થીઓનો સ્કીલ ટેસ્ટ લેવામાં ાવ્યો હતો. આ પરીક્ષામાં તમામ વિદ્યાર્થીઓ પાસ થતા ગૃપ દ્વારા દરેક વિદ્યાર્થઈને પસંદ કરવામાં આવ્યા છે. ઉપરાંત આ વિદ્યાર્થીઓને માસીક ૮૦૦૦ રૂપિયા સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવશે. કાર્યક્રમનું સંચાલન ડૉ. જયેશ તન્ના, પ્રો. માર્ગી દેસાઈ, પ્રો. આશીષ ભુવા દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારે પ્રિન્સિપાલ ડૉ. રમાકાન્ત પુષ્ટીએ આ પ્રકારના કાર્યક્રમો નિયમિત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.